ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત
સ્પોર્ટસ લાઇન

પાકિસ્તાન USAને હરાવી ટેબલમાં ટોચ પર

પાકિસ્તાનની સ્પિન બોલિંગ સામે યુએસએની ટીમ ધ્વસ્ત થઈ

કોલંબો, તા. 10 (પીટીઆઈ): ઓપનિંગ બેટ્સમેન સાહિબઝાદા ફરહાનની શાનદાર અડધી સદી અને સ્પિનરોની ઘાતક બોલિંગની મદદથી પાકિસ્તાને મંગળવારે અમેરિકાને 32 રને હરાવી સતત બીજી જીત નોંધાવી છે. ફરહાનના 73 રન અને બાબર આઝમના 46 રનની મદદથી પાકિસ્તાને 9 વિકેટે 190 રનનો પડકારજનક સ્કોર બનાવ્યો હતો. અમેરિકા તરફથી શેડલી વાન શકાલ્કવિકે 25 રન આપી 4 વિકેટ ઝડપી પાકિસ્તાનની રનગતિ રોકવા પ્રયાસ કર્યો હતો. 191 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી અમેરિકાની શરૂઆત સારી રહી હતી, પરંતુ પાકિસ્તાની સ્પિનરોએ મેચનો પાસો પલટી નાખ્યો હતો. ઉસ્માન તારિક (3 વિકેટ), શાદાબ ખાન (2 વિકેટ), મોહમ્મદ નવાઝ અને અબરાર અહેમદની સ્પિન ચોકડી સામે અમેરિકાના બેટ્સમેનો લાચાર જણાયા હતા. અમેરિકાની 8માંથી 7 વિકેટ સ્પિનરોએ ઝડપી હતી. અમેરિકા માટે શુભમ રંજનેએ 51 રન અને શ્યાન જહાંગીરે 49 રન બનાવી લડત આપી હતી, પરંતુ તેઓ નિર્ધારિત 20 ઓવરમાં 158 રન જ બનાવી શક્યા હતા. આ જીત સાથે પાકિસ્તાન ગ્રુપ-એમાં 4 પોઈન્ટ સાથે ટોચ પર પહોંચી ગયું છે.

આજે વેસ્ટ ઈન્ડિઝના પડકાર સામે ઈંગ્લેન્ડની કસોટી

ઈંગ્લેન્ડે રનરેટ સુધારવા આ મેચ જીતવી જરૂરી, મેચ સાંજે 7.00 વાગે શરૂ થશે

મુંબઈ, તા. 10 (પીટીઆઈ): નેપાળ સામેની પ્રથમ મેચમાં માંડ-માંડ ઉલટફેરથી બચેલી ઈંગ્લેન્ડની ટીમ બુધવારે વેસ્ટઈન્ડિઝ સામે ટકરાશે. બંને ટીમો બે-બે વાર આ ખિતાબ જીતી ચૂકી છે અને હવે ત્રીજી વખત ચેમ્પિયન બનવા માટે સાતત્યપૂર્ણ પ્રદર્શન કરવા મથશે. નેપાળ સામે ઈંગ્લેન્ડનો માત્ર ચાર રને વિજય થયો હતો, જેમાં સેમ કરને અંતિમ ઓવરમાં શાનદાર બોલિંગ કરી મેચ બચાવી હતી. જોકે, આદિલ રાશિદ અને જોફ્રા આર્ચર મોંઘા સાબિત થતા ઈંગ્લેન્ડની બોલિંગ લાઈનઅપની નબળાઈ છતી થઈ હતી. બેટિંગમાં હેરી બ્રુક અને જેકબ બેથેલ લયમાં હોવાથી ઈંગ્લેન્ડને રાહત છે. બીજી તરફ, વેસ્ટ ઈન્ડિઝે સ્કોટલેન્ડને હરાવીને પોતાના અભિયાનની ધમાકેદાર શરૂઆત કરી છે.

શિમરોન હેટમાયરના આક્રમક 64 રન અને રોમારિયો શેફર્ડની પાંચ વિકેટોએ વેસ્ટઈન્ડિઝના આત્મવિશ્વાસમાં વધારો કર્યો છે. ગ્રુપ-Cમાં ઈંગ્લેન્ડ અત્યારે ત્રીજા સ્થાને છે, તેથી રન રેટ સુધારવા માટે આ જીત અત્યંત જરૂરી છે. વાનખેડે સ્ટેડિયમની નાની બાઉન્ડ્રીને જોતા અહીં રનનો ખડકલો થવાની શક્યતા છે, અને બંને ટીમો માટે બોલિંગમાં ચોકસાઈ રાખવી અનિવાર્ય બનશે.

બુમરાહ, સુર્યકુમાર સહિત ભારતીય ટીમે નેટમાં પરસેવો પાડ્યો

ઓપનર અભિષેક શર્મા પેટની તકલીફને કારણે પ્રેક્ટિસ સેશનમાં હાજર રહી શક્યા ન હતો

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): ટી-20 વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામેની મેચ પહેલા ભારતીય ટીમની તૈયારીઓ તેજ બની છે, પરંતુ ઓપનર અભિષેક શર્મા પેટની તકલીફને કારણે પ્રેક્ટિસ સેશનમાં હાજર રહી શક્યા ન હતો. સહાયક કોચ રાયન ટેન ડોશેટે આશા વ્યક્ત કરી છે કે તે આગામી થોડા દિવસોમાં મેચ માટે ઉપલબ્ધ થઈ જશે. બીજી તરફ, ટીમ માટે રાહતના સમાચાર એ છે કે સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ સંપૂર્ણ ફિટ જણાયો હતો. તેણે નેટ્સમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવને શાર્પ બોલિંગ કરી હતી, જેમાં એક તબક્કે સૂર્યકુમાર ક્લીન બોલ્ડ પણ થયો હતો.

પ્રેક્ટિસ દરમિયાન સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા શાનદાર લયમાં જોવા મળ્યા હતા. બંનેએ મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તી સામે આક્રમક બેટિંગ કરી હતી, જેમાં તિલક વર્માએ 100 મીટર લાંબી સિક્સર ફટકારીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ઈજા બાદ પરત ફરેલા ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર શરૂઆતમાં થોડા સાવધ દેખાતા હતા. સત્રના અંતિમ ભાગમાં વોશિંગ્ટન સુંદર અને કુલદીપ યાદવે તિલક વર્માને બોલિંગ કરી હતી, જે સુંદરની રિકવરી માટે સારા સંકેત છે. હવે અભિષેકની તબિયત અને બુમરાહની લયને જોતા, મેચના દિવસે પ્લેઈંગ ઈલેવન પસંદ કરવા માટે ભારતીય થિંક-ટેન્કે મહત્વના નિર્ણયો લેવા પડશે.

મુખ્ય બોલરોની ગેરહાજરી છતાં આયર્લેન્ડ સામે ઓસ્ટ્રેલિયા ફેવરિટ

કોલંબો, તા. 10 (પીટીઆઈ): તાજેતરના નબળા ફોર્મ અને મુખ્ય ફાસ્ટ બોલરોની ઈજા છતાં, ઓસ્ટ્રેલિયાની ટીમ બુધવારે આયર્લેન્ડ સામે રમાનારા ટી-20 વર્લ્ડકપના મુકાબલામાં જીત માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. પેટ કમિન્સ અને જોશ હેઝલવુડ ઈજાના કારણે બહાર છે, જ્યારે મિચેલ સ્ટાર્કે આ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તેમની ગેરહાજરીમાં નાથન એલિસ પેસ આક્રમણનું નેતૃત્વ કરશે, જોકે તે પણ હેમસ્ટ્રિંગની સમસ્યા બાદ પુનરાગમન કરી રહ્યો છે. શ્રીલંકાની સ્પિન-અનુકૂળ પિચો પર અનુભવી લેગ સ્પિનર એડમ ઝમ્પા ઓસ્ટ્રેલિયાની આશાઓ માટે નિર્ણાયક સાબિત થશે. ઓસ્ટ્રેલિયાનું બોલિંગ આક્રમણ ભૂતકાળની સરખામણીએ નબળું દેખાઈ રહ્યું છે, પરંતુ તેની પાસે ટ્રેવિસ હેડ, મિચેલ માર્શ, ગ્લેન મેક્સવેલ અને માર્કસ સ્ટોઈનિસ જેવા મજબૂત બેટ્સમેનો અને ઓલરાઉન્ડરોની ફોજ છે.

અમદાવાદમાં આજે દ. આફ્રિકા અને અફઘાનિસ્તાન વચ્ચે રસાકસી જામી શકે

અમદાવાદ, તા. 10 (પીટીઆઈ): ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ મેચમાં હાર્યા બાદ, અફઘાનિસ્તાન માટે બુધવારે દક્ષિણ આફ્રિકા સામેનો મુકાબલો 'કરો યા મરો' જેવો બની રહેશે. ગ્રુપ-ડીમાં દક્ષિણ આફ્રિકા કેનેડા સામેની મોટી જીત અને +2.850 ના મજબૂત નેટ રન રેટ સાથે ટોચ પર છે, જ્યારે અફઘાનિસ્તાન નેગેટિવ રન રેટ સાથે ત્રીજા સ્થાને હોવાથી તેના માટે જીત અનિવાર્ય છે. ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાનની હાજરીને કારણે આ ગ્રુપને 'ગ્રુપ ઓફ ડેથ' નામ મળ્યું છે. અફઘાનિસ્તાને ન્યુઝીલેન્ડ સામે ગુલબદિન નાયબના 63 રનની મદદથી 182 રન બનાવ્યા હતા, પરંતુ નૂર અહમદ જેવા સ્પિનરને બહાર રાખવાનો નિર્ણય તેમને ભારે પડ્યો હતો. કેપ્ટન રાશિદ ખાન પણ અપેક્ષિત પ્રદર્શન કરી શક્યો નહોતો. બીજી તરફ, દક્ષિણ આફ્રિકા આત્મવિશ્વાસથી ભરપૂર છે.

ભારત રશિયાથી ખનિજ તેલની આયાત બંધ કરશે કે નહીં? તેનો કોઈ સ્પષ્ટ જવાબ મળતો નથી

ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના વેપાર કરાર પછી ભારત રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવાનું ચાલુ રાખશે કે નહીં? એ બાબતમાં જબરદસ્ત ગૂંચવાડો પેદા થયો છે. છેલ્લાં ત્રણ વર્ષમાં, ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરને ઘણા આંતરરાષ્ટ્રીય મંચો પર આ પ્રશ્નનો સામનો કરવો પડ્યો છે કે ભારત રશિયા પાસેથી ખનિજ તેલની આયાત કરવાનું કેમ બંધ કરતું નથી. તેના જવાબમાં જયશંકરે સતત કહ્યું કે ભારત તેની ઊર્જા સુરક્ષા પોતાની શરતો પર નક્કી કરશે. કોઈ અન્ય દેશ કે જૂથ તેને નિર્દેશિત કરી શકશે નહીં, પરંતુ ૨ ફેબ્રુઆરીના રોજ ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ઐતિહાસિક વેપાર કરાર અંગે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો ભારત માટે અસ્વસ્થતાભરી પરિસ્થિતિ ઊભી કરી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. હકીકતમાં, જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથેના વેપાર કરાર અંગે ટ્રુથ સોશ્યલ પર પોસ્ટ કરી, ત્યારે તેમણે પોતાની પોસ્ટમાં દાવો કર્યો કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા અને અમેરિકન તેલની ખરીદી વધારવા માટે સંમત થયું છે. ડોનાલ્ડ ટ્રમ્પના મતે, ભારત રશિયા પાસેથી તેલ ન ખરીદે તે આ સોદાની એક મહત્ત્વપૂર્ણ શરત છે, પરંતુ જ્યારે ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલને એક પ્રેસ કોન્ફરન્સમાં આ અંગે પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે વિદેશ મંત્રાલય આ પ્રશ્નનો જવાબ આપશે. પીયૂષ ગોયલના જવાબના બે દિવસ પહેલાં, સમાચાર એજન્સી ANI એ વિદેશ મંત્રી એસ. જયશંકરને વેપાર સોદામાં રશિયાથી ખનિજ તેલની આયાત અંગે પ્રશ્ન કર્યો હતો ત્યારે જયશંકરે આ માટે પીયૂષ ગોયલને જવાબદાર ઠેરવ્યા હતા. આ રીતે ભારતના વાણિજ્ય મંત્રી વિદેશ મંત્રીનો હવાલો આપી રહ્યા છે અને વિદેશ મંત્રી વાણિજ્ય મંત્રી પર જવાબદારી ઢોળી રહ્યા છે, જેને કારણે ગૂંચવાડો વધી રહ્યો છે. હજુ પણ ભારત રશિયાથી ખનિજ તેલની આયાત ચાલુ રાખશે કે નહીં? તે સવાલનો જવાબ મળતો નથી. કદાચ ભારતના રાજકારણીઓ રશિયા કે અમેરિકા નારાજ થશે તેવા ભયથી સાચો જવાબ ટાળી રહ્યા છે.

હવે ભારતના વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ રશિયા પાસેથી તેલ ખરીદવાના પ્રશ્નનો વિચિત્ર અને ગોળગોળ જવાબ આપ્યો છે. સોમવારે એક પ્રેસ બ્રીફિંગમાં વિક્રમ મિશ્રીને પૂછવામાં આવ્યું કે શું ભારત અમેરિકાના દાવા મુજબ રશિયન તેલ ખરીદવાનું બંધ કરશે? તેનો જવાબ આપતાં વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ કહ્યું કે ભારત તેલ માટે કોઈ એક સ્રોત પર નિર્ભર નથી અને ન તો તેનો તેમ કરવાનો ઈરાદો છે. તમે જાણો છો કે ભારત મુખ્યત્વે તેલ અને ગેસ ક્ષેત્રમાં આયાતકાર છે. આપણે એક વિકાસશીલ અર્થતંત્ર છીએ. આપણે આપણાં સંસાધનોની ઉપલબ્ધિ વિશે જાગૃત રહેવું પડશે. સ્વાભાવિક રીતે, જ્યારે તમે ૮૦-૮૫ ટકા આયાતી સંસાધન પર નિર્ભર હો છો, ત્યારે તમને તેલને કારણે ફુગાવાની ચિંતા થશે. તેથી, એમાં કોઈ આશ્ચર્ય નથી કે અમારી પ્રાથમિકતા ભારતીય ગ્રાહકોનાં હિતોનું રક્ષણ કરવાની છે, જેમાં ખાતરી કરવી કે તેમને વાજબી ભાવે અને વિશ્વસનીય અને સુરક્ષિત પુરવઠા દ્વારા પૂરતી ઊર્જા મળે. ઊર્જા પરની અમારી આયાત નીતિ સંપૂર્ણપણે આ ઉદ્દેશો દ્વારા સંચાલિત છે. તાજેતરનાં વર્ષોમાં, વૈશ્વિક અર્થતંત્રે નોંધપાત્ર અનિશ્ચિતતાઓનો સામનો કરવો પડ્યો છે. અમે આ માટે કોઈ એક સ્રોત પર નિર્ભર નથી અને ન તો અમે બનવા માંગીએ છીએ. બજારની સ્થિતિના આધારે, સમયાંતરે સ્રોતોનું મિશ્રણ બદલાય તે સ્વાભાવિક છે. અમારો અભિગમ પુરવઠાના બહુવિધ સ્રોતો જાળવવાનો અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે જરૂરિયાત મુજબ તેમને વૈવિધ્યીકરણ કરવાનો છે. તેથી, હું કહીશ કે આપણે આ ક્ષેત્રમાં જેટલા વધુ વૈવિધ્યસભર હોઈશું, તેટલા વધુ સુરક્ષિત હોઈશું. જ્યાં સુધી ઊર્જાના વાસ્તવિક સ્રોતનો સંબંધ છે. તમે જાણો છો કે વાસ્તવિક સ્રોત તેલ કંપનીઓ દ્વારા કરવામાં આવે છે અને તેઓ બજારની પરિસ્થિતિઓના આધારે નિર્ણયો લે છે.''આ રીતે વિદેશ સચિવે તેલની આયાત બાબતમાં નિર્ણય લેવાની જવાબદારી તેલ કંપનીઓ પર ઢોળી હતી.બીજી તરફ, 3 ફેબ્રુઆરીના રોજ, ભારતની સમાચાર એજન્સી પીટીઆઈએ રશિયન મીડિયાને ટાંકીને રશિયન સરકારના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવનું નિવેદન પ્રકાશિત કર્યું હતું. પોતાના નિવેદનમાં પેસ્કોવે કહ્યું હતું કે રશિયા પાસેથી તેલની ખરીદી રોકવા અંગે ભારતને કોઈ વાતચીત કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં, પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે કે રશિયા પાસેથી તેલ ખરીદવાના મુદ્દા પર ભારતના મૌન કે મૂંઝવણનો અર્થ શું છે? ભારત કોઈ સ્પષ્ટ જવાબ કેમ નથી આપી રહ્યું? ભારત રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવાનું ચાલુ રાખશે કે નહીં? એ બાબતમાં રશિયાની સરકારને પણ ભારત સરકાર દ્વારા હજુ સુધી કોઈ જાણકારી આપવામાં આવી નથી. કદાચ ભારતને ડર છે કે આ નિર્ણયથી રશિયાની ભારત સાથેની દોસ્તીમાં તિરાડ પડી જશે.

અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલના કટારલેખક સદાનંદ ધુમે કહે છે કે ભારત સરકારે આ મામલે નબળા કે મૂંઝાયેલા દેખાવાની જરાય જરૂર નથી. તેમનું કહેવું છે કે સરકારે ખુલ્લેઆમ અને દૃઢતાથી સ્વીકારવું જોઈએ કે હા, અમે અમેરિકાના ભારે ટેરિફને દૂર કરવા માટે રશિયન તેલની ખરીદી ઘટાડવા સંમત થયા છીએ. આ નિર્ણય સમજદારીભર્યો છે, કારણ કે ભારત પાસે તેલ ખરીદવા માટે અન્ય વિકલ્પો છે; પરંતુ જો અમેરિકા જેવાં મોટાં બજારો આપણા પર ભારે ટેરિફ લાદવાનું ચાલુ રાખશે, તો ભારતમાં રોકાણ આવશે નહીં અને ભારત નિકાસના સંદર્ભમાં સ્પર્ધાત્મક બની શકશે નહીં. સદાનંદ ધુમે ભારત-અમેરિકા વેપાર કરારને એક મોટી રાજદ્વારી અને આર્થિક સિદ્ધિ ગણાવે છે અને કહે છે કે ડાબેરી લેખકોને સારું લાગે તે માટે અથવા તેમના સંતોષ માટે અર્થતંત્રને નુકસાન પહોંચાડવું એ કોઈ પણ જવાબદાર સરકાર માટે યોગ્ય ન હોઈ શકે.

૬ ફેબ્રુઆરીના રોજ વ્હાઇટ હાઉસ દ્વારા જારી કરાયેલા એક્ઝિક્યુટિવ ઓર્ડરની કલમ ૪ માં સ્પષ્ટપણે જણાવાયું છે કે અમેરિકાના વાણિજ્ય સચિવ, વિદેશ પ્રધાન, નાણાં પ્રધાન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે મળીને, ભારત રશિયા પાસેથી તેલની આયાત ફરી શરૂ કરી રહ્યું છે કે કેમ તેનું નિરીક્ષણ કરશે. જો વાણિજ્ય સચિવ નક્કી કરે કે ભારતે રશિયા પાસેથી તેલ ખરીદવાનું ફરી શરૂ કર્યું છે, તો રાજ્ય સચિવ રાષ્ટ્રપતિને ભલામણ કરશે કે ભારત સામે શું પગલાં લેવાં જોઈએ. આમાં ભારતમાંથી આવતા માલ પર વધારાની રપ ટકા ટેરિફ ફરીથી લાદવાનો સમાવેશ થશે. ભારત માટે એપ્રિલ સુધીમાં રશિયન તેલની આયાત સંપૂર્ણપણે બંધ કરવી મુશ્કેલ બનશે. ભારતના રશિયા સાથે ઘણા કરાર છે જે સમય પહેલાં સમાપ્ત કરી શકાતા નથી. બીજું, એક મોટી ભારતીય પેટ્રોલિયમ કંપની નાયરા એનર્જી રશિયન કંપની રોઝનેફ્ટ દ્વારા તેલની આયાત કરે છે. તેની પાસે અન્ય કોઈ સ્રોત નથી. તેથી, ભારત માટે રશિયન તેલ આયાતને તાત્કાલિક સંપૂર્ણપણે દૂર કરવી શક્ય બનશે નહીં. બીજી તરફ, અમેરિકાના આદેશ અંગે વિપક્ષી નેતાઓની દલીલ છે કે વેપાર કરારના નામે અમેરિકા તરફથી આવી શરતો લાદવી એ ભારતની સ્વતંત્ર વિદેશ નીતિની વિરુદ્ધ છે. તે ભવિષ્યમાં અન્ય દેશો સાથે ભારતના સંબંધો પર પણ દબાણ લાવી શકે છે. દિલ્હી સ્થિત થિંક ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (GTRI) ના વડા અજય શ્રીવાસ્તવે કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી તેની તેલ ખરીદી સતત ઘટાડી રહ્યું છે. સત્તાવાર વેપાર ડેટા દર્શાવે છે કે ઓક્ટોબર ૨૦૨૫ માં રશિયાથી કુલ આયાત વાર્ષિક ધોરણે ૨૭.૭ ટકા ઘટી હતી, જે ઓક્ટોબર ૨૦૨૪ માં ૬.૭ અબજ ડોલરથી ઘટીને ઓક્ટોબર ૨૦૨૫ માં ૪.૮ અબજ ડોલર થઈ ગઈ હતી. ભારતની નીતિ ધીમે ધીમે આયાત ઘટાડવાની જણાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

દિલ્હી સ્થિત થિંક ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (GTRI) ના વડા અજય શ્રીવાસ્તવે કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી તેની તેલ ખરીદી સતત ઘટાડી રહ્યું છે

અનુસંધાન ... પાના I નું

અમેરિકાએ બાંગ્લાદેશ...

બાંગ્લાદેશની સ્થિતિને મજબૂત કરવા તરફનું એક મોટું કદમ ગણાવ્યું હતું. અમેરિકા તરફી વલણ માટે જાણીતા યુનુસે જણાવ્યું હતું કે, ગયા વર્ષે એપ્રિલથી ચાલી રહેલી નવ મહિનાની વાટાઘાટો પછી આ સમજૂતી થઈ હતી.

બાંગ્લાદેશમાં 62 વર્ષીય...

છે, જેઓ ભાઈ ભાઈ એન્ટરપ્રાઇઝના માલિક હતા અને દક્ષિણકાંડા ગામના રહેવાસી હતા. હોસૈને વધુમાં જણાવ્યું કે હુમલાખોરોએ ધારદાર હથિયાર વડે સરકાર પર હુમલો કર્યો હતો અને તેમને દુકાનની અંદર છોડી દઈ શટર બંધ કરી દીધું હતું. જ્યારે સરકારનો પરિવાર તેમને શોધી રહ્યો હતો, ત્યારે દુકાનનું શટર ખોલતા તેઓ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક મૈમનસિંહ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના પુત્ર સુજન સરકારે જણાવ્યું કે અમે લાંબા સમયથી ચોખાનો વ્યવસાય કરીએ છીએ. અમારી સાથે કોઈને દુશ્મની નહોતી. ગુનેગારો મારા પિતાની નિર્મમ હત્યા કર્યા બાદ દુકાનમાંથી લાખો ટકા બાંગ્લાદેશી ચલણ ચોરી ગયા છે.

રાહુલે નરવણેની...

ગાંધીએ કહ્યું કે તેઓ પેંગ્વિન કરતા પૂર્વ આર્મી ચીફના શબ્દો પર વધુ વિશ્વાસ કરે છે. ગાંધીએ વધુમાં ઉમેર્યું, પેંગ્વિન કહી રહ્યું છે કે પુસ્તક પ્રકાશિત થયું નથી. પુસ્તક એમેઝોન પર ઉપલબ્ધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પુસ્તકના અવતરણો રાહુલને સંસદમાં ટાંકવા દેવાયા ન હતા.

માજી લશ્કરી વડા...

વેચાણ માટે મૂકાયું નથી. આ વિવાદ વચ્ચે આજે આ પુસ્તકના પ્રકાશક પેંગ્વિન પબ્લિકેશને ખુલાસો કર્યો હતો કે આ પુસ્તક હજી પ્રકાશિત થયુ નથી, જ્યારે કે આ પુસ્તકની કેટલીક અનધિકૃત નકલો ફરતી થઇ હોવાના અહેવાલ છે. સોમવારે જારી કરેલા એક નિવેદનમાં, પબ્લિશિંગ હાઉસે સ્પષ્ટતા કરી હતી કે પુસ્તકની કોઈ પણ નકલ – પ્રિન્ટ અથવા ડિજિટલ સ્વરૂપે – હજુ સુધી લોકો માટે જાહેર કરવામાં આવી નથી. બીજી બાજુ જનરલ નરવણેએ પણ આજે આ મામલે પોતાનું મૌન તોડતા પેંગ્વિન પબ્લિકેશનની પોસ્ટ શેર કરી હતી અને કહ્યું હતું કે પુસ્તકની હાલની સ્થિતિ આ છે. તેમણે પેંગ્વિન પબ્લિકેશનના એ ખુલાસાને ટેકો આપ્યો હતો કે આ પુસ્તક હજી પ્રકાશિત થયું નથી. જ્યારે આ જ નરવણેએ ૨૦૨૩માં એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે આ પુસ્તક હવે ઉપલબ્ધ છે.

ભારત-ફ્રાન્સ વચ્ચે...

ઉત્પાદનને આગળ વધારશે. આ સોદો મૂલ્ય અને વ્યૂહાત્મક અવકાશ બંને રીતે ભારતના ઈતિહાસમાં સૌથી મોટો સંરક્ષણ ખરીદી બનવા માટે તૈયાર છે. એકવાર પુષ્ટિ થઈ ગયા પછી, આ સોદો રાફેલના સૌથી મોટા બિન-ફ્રેન્ચ ઓપરેટરોમાંના એક તરીકે ભારતનો દરજ્જો પણ રેખાંકિત કરશે, જે એક ટ્વિન-એન્જિન, મલ્ટિ રોલ ફાઇટર જેટ છે જે વિશ્વના સૌથી ઘાતક પૈકી એક માનવામાં આવે છે અને હવાઈ શ્રેષ્ઠતા અને ચોકસાઈ સ્ટ્રાઇક મિશન ચલાવવા માટે જાણીતું છે.

H1B વિઝા પ્રોગ્રામ...

રાખી શકતા નથી. તેથી જ હું કામ કરતા અમેરિકનોને ફરીથી પ્રાથમિકતા આપવા માટે EXILE એક્ટ રજૂ કરી રહ્યો છું. H-1B વિઝાનો ઉપયોગ મોટી સંખ્યામાં ભારતીય વ્યાવસાયિકો અમેરિકામાં રહેવા અને કામ કરવા માટે કરે છે. નિવેદનમાં જણાવાયું છે કે H-1B વિઝા મેળવનારાઓમાંથી 80% થી વધુ ભારતીય અથવા ચીની નાગરિકો છે, જેમાં યુવા કામદારોને પ્રાથમિકતા આપવામાં આવે છે.

અનુસંધાન ... પાના પહેલાનું

લોકસભા સ્પીકરને...

ઘણી વખત વિરોધ પક્ષના નેતાઓને બોલવા દેવામાં આવતા નથી, જે સંસદમાં તેમનો મૂળભૂત લોકશાહી અધિકાર છે.

નોટિસમાં એ બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે 2 ફેબ્રુઆરીએ વિપક્ષી નેતા રાહુલ ગાંધીને રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ દરમિયાન તેમનું ભાષણ પૂર્ણ કરવા દેવામાં આવ્યું ન હતું. આ કોઈ એકલદોકલ ઘટના નથી, પરંતુ લોકસભામાં વિરોધ પક્ષના નેતાને લગભગ હંમેશા બોલવા દેવામાં આવતા નથી તેવો દાવો કરવામાં આવ્યો છે. વધુમાં, 3 ફેબ્રુઆરીએ આઠ વિપક્ષી સાંસદોને સમગ્ર બજેટ સત્ર માટે મનસ્વી રીતે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને તેમને માત્ર તેમના લોકશાહી અધિકારોનો ઉપયોગ કરવા બદલ સજા આપવામાં આવી રહી હોવાનું જણાવાયું છે. 4 ફેબ્રુઆરીની ઘટનાનો ઉલ્લેખ કરતા નોટિસમાં કહેવાયું છે કે ભાજપના એક સાંસદને (નિશિકાંત દુબેના સંદર્ભમાં) બે પૂર્વ વડાપ્રધાનો પર વાંધાજનક અને વ્યક્તિગત હુમલા કરવાની છૂટ આપવામાં આવી હતી અને સ્થાપિત પ્રથાઓનું ઉલ્લંઘન કરવા બદલ તેમને એકવાર પણ ઠપકો આપવામાં આવ્યો ન હતો. વિપક્ષે આક્ષેપ કર્યો કે અમારી વિનંતી છતાં આ સાંસદ સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. નોટિસમાં ઓમ બિરલાની એ ટિપ્પણીનો પણ વિરોધ કરવામાં આવ્યો છે જેમાં તેમણે કહ્યું હતું કે તેમની પાસે ચોક્કસ માહિતી છે કે કોંગ્રેસના સભ્યો વડાપ્રધાન મોદીની બેઠક તરફ આગળ વધીને કોઈ અણધારી હરકત કરી શકે છે, જેના કારણે તેમણે વડાપ્રધાનને ગૃહમાં ન આવવા વિનંતી કરી હતી. વિપક્ષના મતે આ આક્ષેપો ખોટા અને અપમાનજનક છે અને સ્પીકરે ગૃહના પ્લેટફોર્મનો ઉપયોગ આવા નિવેદનો માટે કરીને બંધારણીય પદનો દુરુપયોગ કર્યો છે. અંતમાં નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, અમે સ્પીકર પ્રત્યે વ્યક્તિગત આદર ધરાવીએ છીએ, પરંતુ જે રીતે તેઓ વિરોધ પક્ષના સાંસદોને જાહેર હિતના મુદ્દાઓ ઉઠાવતા સતત અટકાવી રહ્યા છે તેનાથી અમે દુઃખી છીએ. આ નોટિ

લોકસભાના અધ્યક્ષને...

ગણતરી કરવામાં આવે છે, માત્ર હાજર અને મતદાન કરનારા સભ્યોની નહીં. તેનો અર્થ એ છે કે, ખાલી પડેલી બેઠકો સિવાય ગૃહની અસરકારક સભ્ય સંખ્યાનો ઉપયોગ બહુમતીની ગણતરી માટે કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ નોટિસ લોકસભાના મહાસચિવને જ સબમિટ કરવાની હોય છે, ડેપ્યુટી સ્પીકર કે અન્ય કોઈને નહીં. ત્યારબાદ પ્રારંભિક તબક્કે દસ્તાવેજની તપાસ કરવામાં આવે છે કે તેમાં ખૂબ જ ચોક્કસ આરોપો છે કે નહીં. આચારીએ સમજાવ્યું કે, "શરૂઆતના તબક્કે જ તેની ગ્રાહ્યતાની પ્રક્રિયા હોય છે. તે તબક્કે એ જોવામાં આવે છે કે તેમાં ચોક્કસ આરોપો છે કે નહીં. ચોક્કસ આરોપો જરૂરી છે કારણ કે તો જ સ્પીકર તેનો જવાબ આપી શકશે.

અનિલ-ટીના અંબાણીને...

સામે કથિત બેંક છેતરપિંડી અને તેની સાથે જોડાયેલી નાણાકીય અનિયમितતાઓના અનેક કેસોની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના પણ કરી છે. એજન્સીએ આ તપાસના ભાગરૂપે ૧૨,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે અને રિલાયન્સ ગ્રુપની કંપનીઓ સામે ત્રણ ફરિયાદો નોંધાવી છે.

નવી ફાઇલમાં એપ્સ્ટીન...

પેપાલના સહ-સ્થાપક પીટર થીએલ પણ હાજર હતા. આ તસવીરમાં મસ્ક અને ઝુકરબર્ગ એક લાંબા ડાઈનિંગ ટેબલ પર બેઠા હતા. ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ કેમેરા પર્સન તરફ જોઈ રહ્યા હતા, જે દેખીતી રીતે પોતે જ સેક્સ ગુનેગાર હતો. આ દરમિયાન, ઝુકરબર્ગ સીધા દેખાતા હતા અને ગંભીર નજરે જોતા હતા. એપ્સટીને 3 ઓગસ્ટ, 2015 ના રોજ આ તસવીર પોતાને ઈમેલ દ્વારા મોકલી હતી. મસ્કે અઠવાડિયા પહેલા જ દાવો કર્યો હતો કે તે ક્યારેય કોઈ પણ એપ્સટીન પાર્ટીમાં ગયો નથી અને હકીકતમાં, તેણે જાતીય ગુનેગાર પર કાર્યવાહી કરવાની હાકલ કરી છે.

ફેરારીએ પોતાની...

કોરિંગ દ્વારા બનાવવામાં આવે છે, જે આઈફોનમાં વપરાતા કાચ પાછળની કંપની છે. કાચ અને એલ્યુમિનિયમ ઉપરાંત, ચામડાનો પણ પુષ્કળ ઉપયોગ થાય છે. ફેરારી લ્યુસમાં 10-ઈંચની ટચસ્ક્રીન છે, પરંતુ તે કારમાં કેન્દ્ર સ્થાને નથી આવતી. તેના બદલે, તે ટેક્ટાઈલ બટનો અને નોબ્સ સાથે સારી રીતે ભળી જાય છે. સ્ક્રીનને ગ્રેબ હેન્ડલ વડે પણ ખસેડી શકાય છે. લોન્ચ કંટ્રોલ સિસ્ટમ છત પર મૂકવામાં આવી છે, અને ડ્રાઈવરે તેને સક્રિય કરવા માટે મેન્યુઅલી નીચે ખેંચવા